## જન્મદિને વધામણી



સતિષ પ્રજાપતિ
મો. ૯૮૯૮૨ ૫૮૯૭૫



નિશાબેન જાની
સહમંત્રી, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ



ભક્તિકાન્ત કારિયા
સહકોષાધ્યક્ષ
જલારામ સેવા સમાજ

# જમનાબાઈ નરસી સ્કૂલ દ્વારા ‘જ્ઞાન-મંથન‘ પ્રદર્શનનું આયોજન



ગાંધીનગર, તા. ૧૩

જમનાબાઈ નરસી સ્કૂલ, ગિફ્ટ સીટી દ્વારા તેમના સંકુલમાં જ્ઞાન-મંથન નામના પ્રદર્શનનું આયોજન કરાયું છે. આ પ્રદર્શનનો ઉદ્દેશ બાળકોમાં વૈજ્ઞાનિક અને સર્જનાત્મક કેળવી વિજ્ઞાન અને ટેકનોલોજીનો પરસ્પર ઉપર આધાર તથા જાતે કરવા જેવા કેટલાંક પ્રયોગો દ્વારા સમજ અપાઈ છે.

સમગ્ર સંકુલ ધોરણ-૧ થી ૬ના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રોજેક્ટસને કારણે ધમધમતું રહ્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ નાગરિક સેવાઓ (પરિવહન, ટ્રાફિક વગેરે), કલાઓ, વિજ્ઞાન, ગણિત, ભાષા વગેરે વિષયો ઉપર પ્રોજેક્ટસ તૈયાર કર્યા છે. ગણિતના ક્રોસવર્ડ પઝલ માટે ચોક્કસ કાઉન્ટર રાખવામાં આવ્યું છે, જેમાં લોકોને પઝલ સોલ્વ કરવા માટે આમંત્રણ અપાય છે.

લકી વિજેતાઓને માહિતી/નાની ભેટ અપાય છે. બ્રહ્મચર્ય, ગૃહાસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસીની વૈદિક પધ્ધતિ અંગે વિદ્યાર્થીઓ વેશભૂષા દ્વારા સમજ આપે છે. જમનાબાઈ નરસી ન્યૂઝ ચેનલના પત્રકાર તરીકે બે વિદ્યાર્થીઓ પ્રદર્શન જોવા આવનારા માતા-પિતાને અભિપ્રાયો પૂછે છે. અહીં ઉભરતા વૈજ્ઞાનિકો માટેનો ખાસ વિસ્તાર રજૂ કરાયો છે, જેમાં જ્વાળામુખીનું સર્જન તથા પાણીમાં નીચે કચરો ઠરવા જેવી બાબતો અંગે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સમજ અપાય છે.

### વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતના સહયોગથી
# ગાંધીનગર પોલીસ દ્વારા સરકારી વાણિજ્ય કોલેજ ખાતે મહિલા સ્વબચાવ શિબિર સંપન્ન



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરનાં સેક્ટર - ૧૫ સ્થિત સરકારી વાણિજ્ય કોલેજ ખાતે તાજેતરમાં ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. ગુજરાત સરકારનાં ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાયેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલ આ શિબિરમાં વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષક શ્રી જિગ્નેશ ત્રિવેદી તથા તેમની ટીમ દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

કોલેજની વિદ્યાર્થીનીઓને હાથ અને પગનો ઉપયોગ કરીને કેવી રીતે પ્રહાર કરી શકાય અને કોઈ આપણા ઉપર આક્રમણ કરે ત્યારે કેવી રીતે બચાવ કરી શકાય તેનો ક્રિયાત્મક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. પંચ, બ્લોક અને કીકના અભ્યાસની સાથે સાથે કોઈ વ્યક્તિ જ્યારે આક્રમણ કરે અથવા તો પકડી લે ત્યારે કેવી રીતે તેનો પ્રતિકાર કરવો તેનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. ૧૫ દિવસીય શિબિરના અંતે યોજાયેલા સમાપન સમારોહનાં પ્રારંભમાં જ વિદ્યાર્થીનીઓ દ્વારા તેમણે શીખેલી વિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે સુરક્ષા સેતુ પ્રોજેક્ટનાં નોડલ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેક્ટર પી. સી. વલેરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ નિદર્શનને નિહાળી પોતાનાં વક્તવ્યમાં શિબિરને સફળ ગણાવી હતી. કોલેજનાં આચાર્ય એસ. જી. દેસાઈ તથા કરાટે અકેડમીના સંરક્ષક યુવરાજસિંહ વાઘેલાએ વિદ્યાર્થીનીઓને આ કળાના મહત્વને સમજી તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. શિબિરનાં સફળ આયોજનમાં કોલેજની પ્રાધ્યાપિકા શ્રી ફાલ્ગુનીબેન મેશરવાલા તથા હિનાબહેન ઝાલાએ પ્રસંશનીય કામગીરી કરી હતી. અંતે પ્રાધ્યાપક તુષારભાઈ રાણાએ આભાર વિધિ કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હીરો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
વેલકમ બેક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦

**સ્ક્રીન-૩**
વેલકમ બેક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
વેલકમ બેક
સવારે ૧૧.૦૦
ફેન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપોર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦

**સ્ક્રીન-૫**
વેલકમ બેક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

## આર એન સ્કૂલના વિદ્યાર્થીઓ સમર્પણ મૂક-બધિર સંસ્થાની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૫ના વિદ્યાર્થીઓને વિકલાંગ ડે નિમિત્તે સૅક્ટર-૨૮માં કાર્યરત સમર્પણ મૂક-બધિર સંસ્થાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

મુલાકાતી વિદ્યાર્થીઓએ જાતે યજમાન સંસ્થાના વિદ્યાર્થીઓને નાસ્તાનું વિતરણ કર્યું હતું અને તેમની સંચાર પદ્ધતિનું નિરીક્ષણ કરી તેને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. મુલાકાતી વિદ્યાર્થીઓએ યજમાન સંસ્થાના વિદ્યાર્થીઓની સહાય અર્થે ફાળો પણ અર્પણ કર્યો હતો.

સમર્પણ સ્કૂલના વિદ્યાર્થીઓએ એક ડાન્સનું પ્રદર્શન કરી મુલાકાતી વિદ્યાર્થીઓને અચંબામાં નાંખી દીધા હતા. આ મુલાકાત ઉભય પક્ષે લાભકારી રહી હતી.

# અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશન દ્વારા ઈન્ડીજીનિયસ નૉલેજ ડેની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશન દ્વારા સ્વદેશી જ્ઞાનની કદર કરવા માટે તાજેતરમાં વર્લ્ડ ઈન્ડીજીનિયસ ડેની ઉજવણી કરવામાં આવી હતી અને એ દ્વારા આપણા પૂર્વજો દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર દેશની યુગો પુરાણી, ઉપયોગમાં લેવાતી અને ચકાસાયેલી પરંપરાઓની શક્તિને બિરદાવવાનો તથા ચોક્કસ સ્થળોનાં જ્ઞાન તથા કૌશલ્યોનો આધુનિક સમયની પર્યાવરણલક્ષી જીવનશૈલીમાં ઉપયોગ કરવાની હિમાયત કરી હતી. આ અંગેની પૅનલ ચર્ચામાં જીઍસઍફસીના સીઍમડી અને રાજ્યના અધિક મુખ્ય સચિવ ડૉ. ઍસ કે નંદા, ઍમિટી ઈન્સ્ટીટ્યુટ ફૉર હર્બલ ઍન્ડ બાયોટૅક પ્રૉડક્ટ્સ ડૅવલપમૅન્ટના ડિરેક્ટર જનરલ પદ્મશ્રી ડૉ. પી પુષ્પાંગદન, આયુર્વેદ મૅડિકલ સોસાયટી ઑફ ઈન્ડિયાના પ્રેસિડૅન્ટ ડૉ. હરિનાથ ઝા, અભૂમકા હર્બલ પ્રા. લિ.ના ડિરેક્ટર મનિષ સિંઘ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં સામેલ થનાર અને ભાગ લેનાર તમામને પૅનલીસ્ટ્સે રોજબરોજની જરૂરિયાત માટે સ્વદેશી જ્ઞાન અપનાવવાનો અનુરોધ કર્યો હતો. હવે સંસ્થા સ્વદેશી જ્ઞાનના પ્રચાર માટે સ્વદેશ જ્ઞાન અભિયાન હેઠળ અનેક સમારંભો યોજી તેનો પ્રચાર કરશે.

# ઍમ ડી શાહ વિદ્યાલય ખાતે શિક્ષકદિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની પ્રગતિ મંડળ સંચાલિત એમ.ડી. શાહ શાળા ખાતે તાજેતરમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો.

વાવોલ ગામની પ્રગતિ મંડળ સંચાલિત એમ.ડી. શાહ પ્રા. વિભાગ દ્વારા તાજેતરમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં શાળાના ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લઈ આચાર્ય અને શિક્ષકો બની શિક્ષણકાર્ય તથા શાળા સંચાલન પણ સુપેરે સંભાળ્યું હતું.

શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ચૌહાણ રાજલે આચાર્યની જવાબદારી નિભાવી હતી. સ્વયં શિક્ષક દિન નિમિત્તે ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને શાળાના વાર્ષિક ઉત્સવમાં પ્રમાણપત્ર આપવાની જાહેરાત કરવામાં આવી હતી.શાળાના આચાર્ય જાગૃતિબેન જાની, સોનલબા ગોલ તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને સફળ ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# હિન્દી - ભારત દેશમાં સૌથી વધુ લોકો દ્વારા બોલાતી ભારતની રાષ્ટ્રભાષા


માણસ જન્મે છે ત્યારે રડવાના અવાજ સાથે જન્મ લે છે જેમ જેમ તે આજુબાજુના વાતાવરણને જાણે છે તેમ તેમ કોઈને કોઈ રીતે તે તેના વર્તનમાં લાવે છે. એટલે કે ભાષા માત્ર સંપર્કનો સેતુ નથી, ભાષા એક પટારો છે, જેમાં સંસ્કૃતિનો સમગ્ર ખજાનો સચવાઈને રહે છે. સમાજની સભ્યતા, સંસ્કાર અને સંસ્કૃતિનો રખેવાળ ભાષા છે. આપણો અમુલ્ય સાહિત્યનો વારસો ભાષાએ સાચવ્યો છે અને ભાષા પછીની પેઢી એ વારસો ભાષાની પેટીમાં સુરક્ષિત સોંપશે. આજના ટેકનોલોજીના યુગમાં અંગ્રેજી ભાષાનું મહત્વ છે. તેમ છતાં આપણી માતૃભાષા અને રાષ્ટ્રભાષાને આપણે ભુલતાં નથી અને ભુલવી પણ ન જોઈએ. હિન્દી ભાષા ભારત દેશમાં સૌથી વધુ લોકો દ્વારા બોલાતી ભારતની રાષ્ટ્રભાષા છે. હિન્દી શબ્દનો ઉદભવ હિંદમાંથી થયો છે. હિંદ શબ્દ ભારતની પશ્ચિમે આવેલા મુસ્લિમ દેશો દ્વારા ભારત માટે વપરાતો શબ્દ છે. હિંદુ શબ્દ પણ આ જ રીતે આવેલો છે. હિંદ અને હિન્દુ, તે સંસ્કૃત શબ્દ સિંદઉનો અપભ્રંશ છે. હિંદી ભાષા મુખ્યત: સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવેલી છે. ખાસ કરીને તેમાં ઘણા ફારસી શબ્દોનો સમાવેશ થાય છે. હિન્દી અને ઉર્દુ ભગીની ભાષાઓ કહેવાય છે, કારણ કે તેમના વ્યાકરણ અને શબ્દભંડોળમા ખુબ સમાનતા છે. હિંદી સંવિધાનિક રૂપે ભારતની -થમ રાષ્ટ્રભાષા છે અને સૌથી વધુ બોલાતી અને સમજાતી ભાષા છે. હિંદી અને તેની બોલીઓ ઉત્તર અને મધ્ય ભારતના વિવિધ -ાંતોમાં બોલાય છે. ૨૬ જાન્યુઆરી ૧૯૬૫ના દિવસે હિંદીને ભારતની રાષ્ટ્રભાષાના દરજ્જો આપવામાં આવ્યો. ચીની ભાષા પછી હિંદી વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. ભારત અને વિદેશમાં થઈને કુલ ૬૦ કરોડથી વધુ લોકો હિન્દી બોલે છે. વાંચે છે અથવા લખે છે. ફિજી, મોરેશિયસ, ગુયાના, સુરીનામ અને નેપાળની મોટાભાગની -જા હિન્દી બોલે છે.

ભાષાવિદો હિન્દી અને ઉર્દુને એક ભાષા સમજે છે, હિન્દી દેવનાગરી લિપીમાં લખવામાં આવે છે અને શબ્દાવલીના સ્તર પર મોટા -માણમાં સંસ્કૃતના શબ્દોનો -યોગ કરવામાં આવે છે. ઉર્દુ, નાસ્તાલિકમાં લખવામાં આવે છે અને શબ્દાવલીના સ્તર પર તેમાં ફારસી અને અરબી ભાષાની અસર વધારે છે.

ભાષા એ કોઈપણ રાષ્ટ્રના લોકોને જોડતું સૌથી સક્ષમ અને અસરકારક માધ્યમ છે. કોઈ એક વ્યકિત જો બીજી વ્યકિતની ભાષા જ ન સમજે તો તેમની વચ્ચે લાગણીનો તંતુ બંધાય કેવી રીતે? આજના શિક્ષણમાં દરેક ભાષાનું મુલ્ય વધ્યુ છે એટલે કે કેજીમાં ભણતા બાળકને હિન્દી શીખવવામાં આવે છે. તેથી જ આપણે જોઈએ છે કે નાનું બાળક પણ સારામાં સારી રીતે હિન્દીમાં વાત કરી શકે છે. તેના પરથી કહી શકાય કે આવનાર પેઢીમાં હિન્દી ભાષાનું મહત્વ અને ઉપયોગીતા વધી જશે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા અંગ્રેજી છે, પણ હિન્દી ભાષાનો ઉપયોગ સમય જતા વધી રહ્યો છે. આજે ભારતમાં ૪૦ કરોડથી પણ વધુ લોકો હિન્દી ભાષાનો ઉપયોગ કરે છે. તેમાંય ઈન્ટરનેટની દુનિયામાં તો અલગ અલગ ભાષાનો ઉપયોગ કરી શકાય છે. ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓમાં રસ્વ, દીર્ઘની ભુલો થવી સામાન્ય હોય ત્યારે જે શબ્દ જોડણીમાં શોધતા હોઈએ તે જ મળી આવે છે જેનાથી હિન્દી વિશે વધુ માહિતી મળી શકે છે. દરેક ભાષાનું પોતાનું આગવું મહત્ત્વ હોય છે, પરંતુ જે મુખ્ય ભાષાઓ છે તેની માહિતી હોવી જરૂરી છે.

ભારતની બંધારણ સભાએ ૧૯૪૯માં આજના દિવસે તેને અધિકૃત ભાષા તરીકે જાહેર કરી હતી. દેવનાગરી લિપિ સાથે રાષ્ટ્રભાષા તરીકે તેનો સ્વીકાર થયો હતો. ૧૯૬૫ સુધીમાં હિન્દી સરકારની સંપૂર્ણ કામગીરી માટેની ભાષા બની જશે તેવું જણાવાયેલું, પણ હિન્દીને અધિકૃત ભાષા તરીકે અપનાવવાનો વિરોધ થયો અને નવો કાયદો પસાર કરી અંગ્રેજી અધિકૃત ભાષા તરીકે ચાલુ રાખવામાં આવી. જોકે, હિન્દીને ભારતની રાષ્ટ્રભાષા તરીકે અધિકૃત કરવા સમિતિની રચના પણ કરાઈ. બી.જી.ખેર કમિશને આ સંદર્ભે ખાસ્સુ કામ કરીને તેમની ભલામણોને આખરી ઓપ આપ્યો હતો. હિન્દી ઈન્ડોઆર્ય કુળની ભાષા છે. અનેક શબ્દો સંસ્કૃત, અરેબિક, ફારસી ભાષામાંથી પણ આવ્યા છે. સંપર્ક ભાષા તરીકે હિન્દીએ સ્થાન લીધું છે. ફિલ્મો તો ખૂબ લોકપ્રિય બની છે. અંગ્રેજી ભક્તો પણ હિન્દી ફિલ્મો જુએ છે અને હિન્દી ગીતો સાંભળે છે. આજે વિશ્વના તમામ દેશોમાં હિન્દીભાષીઓ અને જાણનારાઓ વસે છે. વિદેશીઓ પણ હિન્દી નિષ્ણાત બની ગયા છે. દેશની અંદર હિંદીમાં દેશભક્તિ ગીતો સાંભળવા મળે છે

ગાંધીજીએ હિન્દીને ’એકતાની ભાષા’ કહી હતી. સમગ્ર વિશ્વમાં સૌથી બોલાતી આ બીજા ક્રમાંકની ભાષા છે. તેમ છતાં ભારતમાં ભાષાના નામે રાજકારણ રમાતું આવ્યું છે. વિદેશોમાં



પ્રસંગસર
ભાનુપ્રસાદ દવે

અભ્યાસક્રમોમાં, યુનિર્વિસટીઓમાં હિન્દીનો સમાવેશ થાય છે અને આપણા દેશમાં તેની બાદબાકી થાય છે. દર વર્ષે ૪ સપ્ટેમ્બરના દિવસે દેશમાં રાષ્ટ્રીયભાષા હિન્દી દિવસ તરીકે મનાવવામાં આવે છે. ૧૯૪૯માં બંધારણીય સભાએ એકમત થઈને હિન્દીને રાષ્ટ્રીયભાષા તરીકે -સ્થાપિત કરી હતી. ત્યારથી હિન્દી દિવસથી દરવર્ષે ઉજવણી થાય છે. દેશમાં હિન્દીનો -સાર-ચાર કરવા માટે -ચાર સમિતી પણ નિમાઈ છે. સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય ભાષાના આ -શ્ન પર ખુબ જ વિચાર વિમર્શ કરીને નિર્ણય લેવાયો હતો. ભારતીય બંધારણની ૧૭મા અનુચ્છેદની કલમ ૩૪૩ (૧)માં વર્ણન કરવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય ભાષા હિન્દી અને લિપી દેવનાગરી રહેશે.

હિન્દીને રાષ્ટ્રીય ભાષા તરીકે સ્વીકારવાના કારણો -

(૧) વહીવટીદારો માટે આ ભાષા સરળ રહેવી જોઈએ.
(૨) આ ભાષા દ્વારા ભારત વર્ષમાં ધાર્મિક, આર્થિક અને રાજકીય વ્યવહાર થવો જોઈએ.
(૩) એ પણ જરૂરી છે કે, ભારતના ઘણા લોકો આ ભાષાને બોલતા હોવા જોઈએ.
(૪) રાષ્ટ્ર માટે આ ભાષા સરળ હોવી જોઈએ.
(૫) આ ભાષાનો વિચાર કરતી વખતે કોઈ અલ્પસ્થાયી કે ક્ષણિક સ્થિતી પર જોર ના આપવું પડે.

આ લક્ષણો પર હિન્દી ભાષા બિલકુલ ખરી ઉતરે છે

દેશમાં જોઈએ તો આસામમાં બોલાતી આસામી અને બોડો તો બંગાળમાં બોલાતી બંગાળી, જમ્મુ તરફની ડોગરી અને કાશ્મીરની કાશ્મીરી તો ગોવા તરફથી બોલાતી કોંકણી, ગુજરાતની ગુજરાતી, સાઉથની તમિળ, તેલૂગુ, કન્નડ, મલયાલમ તથા મણિપુરમાં બોલાતી મણિપુરી, મરાઠી, પંજાબી, સિંધી, ઉર્દુ, સંથાલી અને ઓડિયા અને સંસ્કૃત પણ રાષ્ટ્રભાષા જ છે. પણ બંધારણ સભાએ ૧૯૪૯માં અધિકૃત રાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને જાહેર કરી હતી.

વિશ્વ હિન્દી દિવસ ઉજવણીનો ઉદ્દેશ્ય હિન્દી ભાષાના -ચાર-સાર માટે જાગૃતિ કેળવવાનો અને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજૂ કરવાનો છે. વિદેશમાં ભારતીય એલચી કચેરીઓ દ્વારા પણ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં વિવિધ વિષયો પર હિન્દી ભાષામાં વ્યખ્યાનો યોજીને હિન્દી ભાષાના વિકાસ અને -ચાર પર ભાર મૂકવામાં આવે છે. -થમ વિશ્વ હિન્દી સંમેલન ૧૯૭૫માં નાગપુર ખાતે યોજાયુ હતુ. જયારે આ વર્ષે ૧૦મું સંમેલન ભોપાલમાં યોજાયુ છે.

૧૦માં વિશ્વ હિન્દી સંમેલનનું ભોપાલમાં વડા-ધાન નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં વડા-ધાન નરેન્દ્ર મોદીએ હિન્દી ભાષાના મહત્વની વાત કરતા કહ્યું કે ‘જો હિન્દી ભાષા ભૂલી જઈશું તો દેશને નુક્સાન થશે. હિન્દી ભાષા ખૂબ જ જૂની અને -ાચીન છે. તેને -ોત્સાહન આપવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. હિન્દી ભાષા આગામી દિવસોમાં ડિઝીટલ વર્લ્ડમાં -ભુત્વ જમાવી શકે છે. આ ભાષાને -ોત્સાહન આપવામાં હિન્દી ફિલ્મોની પણ મોટી ભૂમિકા છે. ભાષાઓની ગણના થશે અને ઈતિહાસ બદલાઈ જશે. જો ભાષા નહીં હોય તો સાહિત્યનું જતન પણ કરી શકાશે નહીં.

# એપોલો સીબીસીસી કેન્સર સેન્ટરે બ્લડ કેન્સર પર જીતની ઉજવણી કરી



ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના અગ્રણી અત્યાધુનિક કેન્સર સ્પેશીયાલીટી સેન્ટર એપોલો સીબીસીસી કેન્સર સેન્ટર દ્વારા બ્લડ કેન્સર જાગૃતિ મહિનો પાળવામાં આવી રહ્યો છે. સુસંગત અને અસરકારક સારવાર સાથે વહેલા તબક્કામાં આ જીવલેણ રોગ નિદાન થાય તો તે સાજો થઈ શકે છે એ સંદેશ આ મહિના દરમિયાન તે ફેલાવશે.

બ્લડ કેન્સર પર જાગૃતિ ફેલાવવાના લક્ષ્ય સાથે સેન્ટર બ્લડ કેન્સર પર જીતની ઉજવણી કરી રહ્યું છે, જયાં ૭૦થી વધુ બ્લડ કેન્સરમાંથી ઊગરી ગયેલા લોકો તેમણે આ જીવન જોખમી રોગને કઈ રીતે સામનો કર્યો તે વિશેની -રણાત્મક વારતા જણાવવાનું બીડું ઊંચક્યું છે.

આ અવસરે સન્માનનીય મહેમાનોમાં ગુજરાતના જાહેર આરોગ્ય વિભાગના એડિશનલ ડાયરેક્ટર ડો. પરેશ દવે, નામાંકિત ટેલિવિઝન અભિનેતા અર્ચન ત્રિવેદી, ગુજરાત કેન્સર સોસાયટીના સેક્રેટરી ક્ષિતિશ મદન મોહન, કરુણા કેરના સ્થાપત ઉષાકાંત હાજર રહ્યા હતા .

દર વર્ષે ગુજરાતમાં ૫૦૦૦થી વધુ દર્દીઓ અને ભારતમાં ૧૦૦૦૦થી વધુ દર્દીઓમાં લ્યુકેમિયા, લિમ્ફોમા અને માયલોમા વગેરે જેવા કેન્સરના વિવિધ -કારોનું નિદાન થાય છે. એપોલો સીબીસીસી કેન્સર સેન્ટરે તેની ચિકિત્સકીય નિપુણતા અને આધુનિક ટેકનોલોજી સાથે વર્ષોનાં વહાણાં વીતવા સાથે પુખ્તો અને બાળકો સહિતના દર્દીઓને સફળતાપૂર્વક સાજા કર્યા છે.

ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર મહિનો દુનિયાભરમાં બ્લડ કેન્સર જાગૃતિ માસ તરીકે પાળવામાં આવી રહ્યો છે.

આ અવસરે બોલતાં સેન્ટરના હેમાટો ઓન્કોલોજી અને સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ વિભાગના ડાયરેક્ટર ડો. ચિરાગ એ શાહે જણાવ્યું હતું કે આપણે સૌ કોઈ વાકેફ છીએ કે બ્લડ કેન્સર બહુ જ ગંભીર રોગ છે, પરંતુ સૌ કોઈ એ જાણતા નથી કે વહેલું નિદાન અને યોગ્ય ટેકનિકના ઉપયોગ સાથે પૂરતી સારવારથી તેની સફળતાના દરમાં નોંધનીય ફરક લાવી શકાય છે.